# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-05-2026 Day: Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ દ્વારા પદ્મપુરસ્કારો એનાયત કરાયા.

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ગઈકાલે રાષ્ટ્રપતિ ભવનમાં વર્ષ 2026 માટે 66 જેટલા પ્રતિષ્ઠિત મહાનુભાવોને પદ્મ પુરસ્કારથી સન્માનિત કર્યાં. રાષ્ટ્રપતિનાં હસ્તે બે પદ્મવિભૂષણ, છ પદ્મભૂષણ અને 58 પદ્મશ્રી પુરસ્કાર એનાયત કરાયાં.**

**પ્રખ્યાત ફિલ્મ અભિનેતા સ્વર્ગીય ધર્મેન્દ્રસિંહ દેઓલને કળા ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ મરણો-પરાંત પદ્મવિભૂષણથી સન્માનિત કરાયાં. આ ઉપરાંત ભારતીય મહિલા ક્રિકેટ ટીમનાં સુકાની હરમનપ્રીત કૌરને પદ્મશ્રીથી સન્માનિત કરાયાં.**

**જ્યારે ગુજરાતના લોકકલાકાર ધાર્મિકલાલ પંડ્યા, સમાજસેવક નીલેશ વિનોદચંદ્ર માંડલેવાલા, લોક સંગીતકાર મીર હાજી કાસમ, સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રમાં યોગદાન આપનારા રતિલાલ બોરીસાગર, કળા અને થિએટર ક્ષેત્રમાં યોગદાન બદલ અરવિંદ વૈદ્યને પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરાયાં.**

**-----------------------------------------------------------------------------------------------**

## ગૃહમંત્રી અમિત શાહ-રાજ્યના 3 દિવસીય પ્રવાસે:

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલથી ત્રણ દિવસના રાજ્યના પ્રવાસે આવી રહ્યા છે. પ્રવાસ દરમિયાન તેઓ રાજ્યના વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે તેમજ વિકાસ અને સુરક્ષા સંબંધિત મુદ્દાઓની સમીક્ષા કરશે.**

**28મી મે એ અમદાવાદ ખાતે ગૃહમંત્રી શહેરના વિકાસકાર્યોની સમીક્ષા કરશે.જ્યારે 29મી મે એ ભુજ ખાતે ગૃહમંત્રી અમિત શાહનો કાર્યક્રમ યોજાયો છે. અહીં તેઓ સંવેદનશીલ ગણાતી**

હરામીનાળાની મુલાકાત લઈને સરહદી સુરક્ષાની સ્થિતિની સમીક્ષા કરશે. ગૃહમંત્રી સરહદ પર તૈનાત સુરક્ષા એજન્સીઓ સાથે બેઠક કરીને સુરક્ષા વ્યવસ્થાની માહિતી મેળવશે તેમજ આંતરરાષ્ટ્રીય સરહદની પરિસ્થિતિ અંગે ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કરશે.

---

## રાજ્યના નાગરિકોને વોટ્સેપ પરથી ઓનલાઈન સેવાઓ મળશે:

રાજ્યના નાગરિકોને હવે વોટ્સએપ પરથી જ ઓનલાઈન સેવાઓ મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ડિજીટલ ગવર્નન્સને વેગ આપતા ગાંધીનગરમાં રાજ્ય સરકાર અને મેટા વચ્ચે વોટ્સએપ આધારિત નાગરિક સેવાઓ પૂરી પાડવા અંગે મહત્વના સમજૂતી કરાર-MOU થયા છે. આ કરારના પરિણામે ગ્રામીણ અને શહેરી નાગરિકોને ફરિયાદ નિવારણ સહિત આવક-જાતિ અને EWS પ્રમાણપત્રો-રેશન કાર્ડ-મહેસૂલ રેકોર્ડ-સત્તાવાર સોગંદનામા જેવી 20 જેટલી સરકારી સેવાઓ એક જ વોટ્સએપ નંબર પરથી ઘરે બેઠા મળતી થશે. જેનાથી અલગ-અલગ વેબ પોર્ટલ પર કે કચેરીઓમાં રૂબરૂ જઈને કતારમાં ઉભા રહેવાથી પણ મૂક્તિ મળશે.

---

## મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 31 મે-ના રોજ આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 134-મી કડી હશે.

લોકો પોતાના મંતવ્ય અને સૂચન ટોલ-ફ્રી નંબર 1800—11—7800 પર તેમજ MyGOV ઑપન ફોરમ અથવા નરેન્દ્ર મોદી ઍપ પર પણ ઑનલાઈન મોકલી શકશે. આગામી 29 તારીખ સુધી મંતવ્ય અને સૂચન મોકલી શકાશે.

---

## રાજ્યમાં શિક્ષકોની ભરતી:

રાજ્યમાં શિક્ષકોની 3 હજાર 966 જગ્યા પર આગામી 1 થી 10 જૂન સુધી ઓનલાઈન અરજી કરી શકાશે. ગુજરાત પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા જિલ્લા અને નગર શિક્ષણ સમિતિની સરકારી પ્રાથમિક શાળામાં વિધ્યાસહાયક, વિશેષ શિક્ષક અને મુખ્ય શિક્ષકની જગ્યા પર ભરતી કરાશે. આ માટે ઉમેદવારની પસંદગી શૈક્ષણિક લાયકાત , શિક્ષક પાત્રતા પરીક્ષાના ગુણ અને સરકારના પ્રવર્તમાન ભરતી નિયમના આધારે જ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ ભરતીમાં ખાસ દિવ્યાંગ ઉમેદવાર માટે વિશેષ એજ્યુકેટર અને મુખ્ય શિક્ષકની અલગથી જગ્યા અનામત રાખવામાં આવી છે.

---

## અબડાસા અને લખપતના દરિયા કિનારે સેટેલાઈટ અને માદક પદાર્થના પેકેટ મળ્યા:

જીલ્લાના અબડાસા અને લખપતનો દરિયાકિનારે ગઈકાલે એજન્સીઓની આખો દિવસ ચાલેલી સર્ચ ઓપરેશનની કવાયતમાં વહેલી સવારે એક સેટેલાઈટ ફોન અને મોડી સાંજે માદક પદાર્થના વધુ 11 પેકેટ્સ મળી આવતાં સુરક્ષા એજન્સીઓ સર્તક બની છે.

ગઈકાલે વહેલી સવારે અબડાસા તાલુકાના સિંધોડી મોટી દરિયાકિનારા પર નેવલ ઇન્ટેલિજન્સ યુનિટ, સ્ટેટ આઇબી, એસઓજી અને મરીન પોલીસ દ્વારા સંયુક્ત તપાસ દરમિયાન કિનારા પરથી એક 'સિગ્નલ સેટેલાઈટ' બિનવારસી હાલતમાં મળી આવ્યો હતો.

બીજી તરફ, ગઈકાલે સાંજે લખપત તાલુકાના મેડી બેટના દરિયાકિનારે BSF ની પેટ્રોલિંગ પાર્ટીને સઘન સર્ચ દરમિયાન શંકાસ્પદ માદક પદાર્થના વધુ 11 પેકેટ્સ મળી આવ્યા હતા.

---

## ક્રિકેટ:

આઈ.પી.એલના અંતિમ તબક્કામાં આજ થી ક્વોલિફાયર અને એલિમિનેટર મેચનો આરંભ થાય છે. પ્લેઓફમાં પ્રવેશેલી બે ટીમો ગુજરાત ટાઇટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ટીમો  વચ્ચે ક્વોલિફાયર મેચ રમાશે. હિમાચલ પ્રદેશના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન ગ્રાઉન્ડ ખાતે આજે સાંજે સાડા સાત વાગ્યે મેચનો આરંભ થશે. બન્ને ટીમોએ 19 માંથી 14 મેચ જીતી પ્રથમ બે સ્થાને વિજેતા થઈ બંન્ને ટીમો  પ્રત્યકે 18 પોઇન્ટ મેળવ્યા છે. આજની મેચમાં વિજેતા થનાર ટીમ સીધી જ અંતિમ જંગમાં પ્રવેશ કરશે.

---------------------------------------------------------------------------------------------------